RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 10 * Issue No. 289 *Date: 08.08.2024,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# નેપાળમાં વધુ એક મોટી દુર્ઘટના, હેલિકોપ્ટર ક્રેશ થતાં ચીનના ૪ નાગરિક સહિત ૫ના દર્દનાક મોત

નેપાળના નુવાકોટમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં ચાર ચીનના યાત્રી સહિત પાંચના મોત થયા છે. અગાઉ પણ ૨૪ જુલાઈએ પ્લેન ક્રેશમાં ૧૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે નેપાળમાં વધુ એક મોટી દુર્ઘટના બની છે. નેપાલના નુવાકોટમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે. મળતી માહિતી પ્રમાણે, રસુવા જવા નીકળેલા આ હેલિકોપ્ટરમાં પાંચ યાત્રીઓ બેઠા હતા. જેમાં ચાર ચીની નાગરિકો પણ જોડે હતા. આ ઘટના ૨૪ જુલાઈના રોજ ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક પ્લેન ક્રેશની ઘટની પછી બની હતી. જેમાં ૧૮ લોકોના મોત થયા હતા. નેપાળમાં વિમાનની દુર્ઘટના સામે નબળા સંચાલનના તારણો સામે જોવા મળે છે. બીજી તરફ, હેલિકોપ્ટર દુર્ઘટના બાદ રાહત અને બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

મળતી માહિતી પ્રમાણે, નેપાળના નુવાકોટના શિવપુરી વિસ્તારમાં આ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ ઘટનામાં એયર ડાયનેસ્ટી હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત બન્યું હતું. કાઠમાંડુથી નીકળીને સયાફ્રુબેન્સીના રસ્તેથી પસાર થતી વખતે હેલિકોપ્ટર દુર્ઘટના ઘટી હતી.

# મહિલા નોકરી કરતી હોય તો પણ તેના પતિએ બાળકના ઉછેર માટે ભથ્થું આપવું પડે : હાઈકોર્ટ

જમ્મુ-કાશ્મીર અને લદાખ હાઈકોર્ટે તાજેતરમાં જ એક અરજી પર સુનાવણી દરમિયાન કહ્યું કે બાળકોનું ભરણપોષણ કરવાની જવાબદારી પિતાની હોય છે. પિતાની જવાબદારી છે કે તે પોતાના સગીર બાળકોનું ભરણપોષણ કરે, ભલે માતા કમાતી હોય તો પણ. જસ્ટિસ સંજય ધરે સુનાવણી દરમિયાન કહ્યું કે માતા કમાતી હોય તો પણ પિતા પોતાના બાળકોનું ભરણપોષણ કરવાની જવાબદારીથી મુક્ત નથી. કોર્ટમાં એક વ્યક્તિએ દલીલ કરી હતી કે તેની પાસે પોતાના સગીર બાળકોનું ભરણપોષણ આપવા માટે પૂરતી આવક નથી. વ્યક્તિએ એ પણ તર્ક આપ્યો કે તેની અલગ રહેતી પત્ની (અને બાળકોની માતા) એક કમાતી મહિલા છે, જેની પાસે બાળકોની સારસંભાળ કરવા માટે પૂરતી આવક છે. જોકે, કોર્ટે આ તર્કને ફગાવી દીધો.

હાઈ કોર્ટે કહ્યું, 'સગીર બાળકોના પિતા હોવાના સંબંધે તેમનું ભરણપોષણ કરવું પિતાની કાયદેસર અને નૈતિક જવાબદારી છે. આ સત્ય છે કે બાળકોની માતા કમાતી મહિલા છે અને તેની પાસે આવકનો સ્ત્રોત છે પરંતુ તેનાથી પિતા હોવાના સંબંધે અરજીકર્તાને પોતાના બાળકોનું ભરણપોષણ કરવાની જવાબદારીથી મુક્તિ મળતી નથી. તેથી આ તર્ક નિરાધાર છે.'વ્યક્તિએ કોર્ટમાં પોતાના ત્રણ બાળકો માટે ૪,૫૦૦ રૂપિયા ભરણ-પોષણ તરીકે ચૂકવવાના મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને પડકાર આપ્યો હતો. સેશન્સ કોર્ટ દ્વારા ભરણપોષણ આપવાના આદેશને પડકાર આપ્યા બાદ વ્યક્તિએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો.

# વિરાટના પ્રેમમાં પાગલ હતી ગ્લેમરસ એક્ટ્રેસ

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી પાછળ દુનિયા દીવાની છે. વિરાટની શાનદાર ગેમ સાથે સાથે તેના સારા દેખાવ પર ફેન્સ ફિદા રહેતા હતા. અભિનેત્રી મૃણાલ ઠાકુર પણ વિરાટ કોહલીના પ્રેમમાં પાગલ હતી. મૃણાલે એક જૂના ઈન્ટરવ્યુમાં વિરાટ પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

અભિનેત્રીએ કહ્યું હતું કે, એક સમય હતો, કે જ્યારે હું વિરાટ કોહલીના પ્રેમમાં પાગલ થઈ ગઈ હતી. ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી માટે દુનિયા પાગલ છે. વિરાટની શાનદાર રમતની સાથે ચાહકો તેના સારા દેખાવથી પણ મંત્રમુગ્ધ છે. મેં મારા ભાઈના કારણે ક્રિકેટ જોવાનું શરૂ કર્યું, કારણ કે તે ક્રિકેટનો મોટો ચાહક છે.૫ વર્ષ પહેલા તેની સાથે સ્ટેડિયમમાં બેસીને લાઈવ ક્રિકેટ મેચ જોવાની ખૂબ સુંદર યાદો છે. મને યાદ છે કે, હું બ્લુ જર્સી પહેરીને ટીમ ઈન્ડિયાને ચીયર કરતી હતી. ત્યાર બાદ હું ક્રિકેટ આધારિત ફિલ્મ 'જર્સી' નો પણ ભાગ બની હતી. આમ તો એ વાતમાં કોઈ શંકા નથી કે, વિરાટ કોહલી પર ઘણી મહિલાનો ક્રશ છે. પરંતુ ક્રિકેટરના દિલમાં તેની પત્ની અનુષ્કા શર્મા વસે છે. પરંતુ ક્રિકેટરના દિલમાં તેની પત્ની અનુષ્કા શર્મા વસે છે. વર્ષ ૨૦૧૭માં વિરાટે અનુષ્કા સાથે સાત ફેરા લઈ જન્મો જનમ સાથે રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. બંને વચ્ચેનો સંબંધ વર્ષો પછી આજે પણ અતૂટ છે.

### ગાંધીનગરના 'કિલ્લોલ દીદી' છેલ્લાં ૨૮ વર્ષથી

# દીકરીઓને કરાટે-જુડોની સફળ તાલીમ આપી આત્મરક્ષણ માટે સક્ષમ બનાવે છે

NATIONAL BLACK BELT
GRADATION CAMP AND EXAMINATION 2019

વર્તમાન સમયમાં મહિલાઓને જ્યારે સ્વ બચાવની તાતી જરૂરિયાત છે ત્યારે પાછલા ૨૮ વર્ષથી કિલ્લોલ સાપરિયાએ આત્મરક્ષણ માટે કરાટે થકી ગાંધીનગર જિલ્લાની દીકરીઓને સફળ તાલીમ આપી સ્વબચાવના દાવ પેચમાં પારંગત કરી નારિશક્તિનું એક શ્રેષ્ઠ ઉદાહરણ બન્યા છે.માત્ર નવ વર્ષની ઉંમરે કરાટે શીખવાની શરૂઆત કરનાર કિલ્લોલબેન સાપરીયાની કારકિર્દીની વાત કરવામાં આવે તો તેમણે ૧૯૯૭ માં ઓ' સેનસાઈ અરવિંદ રાણા પાસેથી બ્લેક બેલ્ટની પદવી પ્રાપ્ત કરી હતી.ત્યારબાદ એક વર્ષ અમદાવાદ ખાતે એન. આઈ. એસ. કોચ સૈયદ ઈકરામ અલી પાસેથી જુડોનું શિક્ષણ પણ મેળવ્યું. તેમની આ કારકિર્દી દરમિયાન તેમણે ફર્સ્ટ ઈન્ટરનેશનલ ઈન્વીટેશન કરાટે ચેમ્પિયનશિપ , ઓલ ઈન્ડિયા ફુલ કોન્ટેક્ટ કરાટે ચેમ્પિયનશિપ, નેશનલ કરાટે ચેમ્પિયનશિપ ફેડરેશન કપ, , સેકન્ડ ઓલ ગુજરાત ઓપન ચેમ્પિયનશિપ , ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપ ,ગાંધીનગર કાન ઝેન ગોજુ કરાટે ( કાતા) ચેમ્પિયનશિપ, ઈન્ટર ડિસ્ટ્રિક્ટ કાન ઝેન કરાટે ચેમ્પિયનશિપ તથા ગુજરાત સ્ટેટ જુડો ચેમ્પિયનશિપમાં સફળતા મેળવી અનેક સિદ્ધિઓ મેળવી છે.કિલ્લોલ બેન જણાવે છે કે ×મારું લક્ષ્ય નિશ્ચિત હતું કે મારે શું કરવું! કઈ દિશામાં આગળ વધવું! એટલે જ હું એક સફળ કોચ સાથે સફળ મહિલા કર્મયોગી પણ બની શકી. તમે ગમે તે ક્ષેત્રમાં જોડાયેલા હોવ અને તમારું લક્ષ્ય જો સ્પષ્ટ હશે તો તમે ચોક્કસ શ્રેષ્ઠ કામગીરી કરી શકો છો અને સફળતા પણ મેળવી શકો છો. ૧૯૮૬-૮૭ હું જીમનાસ્ટીકમાં જોડાઈ અને જીમનાસ્ટીકની એક કોમ્પિટિશનમાં ભાગ લીધો. હું ત્યાં સમયસર પહોંચી ન શકી અને કોચે મને ઠપકો આપ્યો. મને ખરાબ લાગ્યું અને મારી દિશા બદલાઈ.

સ્પોર્ટ છોડી દેવાના બદલે વધુ ડિસિપ્લિન અને મજબૂત ઈરાદા સાથે હું માર્શલ આર્ટસમાં જોડાઈ.

# રાઈટ ટુ એજ્યુકેશન! : સરકારે ખાનગી શાળાઓને ૫ વર્ષમાં ૨૩૩૪ કરોડ ચૂકવ્યા

RIGHT
TO
EDUCATION

અમદાવાદ બાળકોને નિ:શુલ્ક અને ફરજિયાત શિક્ષણના અધિકાર (ઈ્ઈ)હેઠળ પ્રવેશ આપનારી ખાનગી અને બિન-અનુદાનિત શાળાઓને સરકાર તરફથી વળતર આપવામાં આવે છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલી માહિતી મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાત સરકારે ખાનગી અને બિન-અનુદાનિત શાળાઓને ઈ્ઈ હેઠળ ૨,૩૩૪ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. જે દેશમાં સૌથી વધુ છે. ગુજરાત બાદ રાજસ્થાન સરકારે સૌથી વધુ ૧,૯૬૧ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. જ્યારે દેશમાં કુલ ૧૧,૮૫૭ કરોડ રૂપિયા ખાનગી શાળાઓને બાળકોના એડમિશન માટે ચૂકવાયા છે. આરટીઈમાં પ્રવેશ બદલ સૌ પ્રથમ રાજ્ય સરકારે શાળાને રૂપિયા આપવાના હોય છે. બાદમાં રાજ્ય સરકાર રિએમ્બર્સમેન્ટ મેળવવા કેન્દ્ર સરકારમાં ક્લેમ કરે છે. ગુજરાત સરકારે ક્લેમ કરેલા ૨,૩૩૪ કરોડમાંથી ૭૦% રકમ મંજૂર થઇ અને ૩૦% એટલે કે ૭૧૧ કરોડ કેન્દ્ર સરકારે મંજૂર કર્યા નથી. આ સમયગાળા દરમિયાન વિવિધ રાજ્યોએ ક્લેમ કરેલી રકમમાંથી ૨૦% એટલે કે ૨,૪૫૧ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા નથી.ગુજરાતમાં ખાનગી શાળાઓને ચૂકવાતી રકમમાં ૧૧૦% વધારો વર્ષ ચૂકવાયેલ રકમ ૨૦૨૦-૨૧ ૨૮૫.૪૮ કરોડ ૨૦૨૧-૨૨ ૪૦૪.૦૨ કરોડ ૨૦૨૨-૨૩ ૪૧૨.૫૨ કરોડ ૨૦૨૩-૨૪ ૫૮૨.૧૮ કરોડ ૨૦૨૪-૨૫ ૬૪૯.૭૨ કરોડ કુલ ૨૩૩૩.૯૨ કરોડ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫માં આ રાજ્યમાં સૌથી વધુ રકમની ચૂકવણી રાજ્ય ચૂકવેલ રકમ ગુજરાત ૨૩૩૩.૯૨ કરોડ રાજસ્થાન ૧૯૬૦.૯૧ કરોડ મધ્ય પ્રદેશ ૧૮૫૩.૧૮ કરોડ તમિલનાડુ૧૪૦૪.૫૮ કરોડ કર્ણાટક ૧૦૦૦.૦૦ કરોડ ભારત ૧૧૮૫૬.૬૭ કરોડરાજ્યસરકારના ૨,૩૩૪ કરોડના ક્લેમ સામે૧,૬૨૩ કરોડ મંજૂર આરટીઇ કાયદા હેઠળ સૌ પ્રથમ રાજ્ય સરકારે ફંડમાંથી ખાનગી શાળાઓને ચુકવણી કરવાની હોય છે.

# આરટીઓના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે ડ્રાઇવ:સપ્તાહમાં ૨૨૬ મેમા

ગાંધીનગર : માર્ગ સલામતીને ધ્યાને રાખીને આરટીઓ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે લાલ આંખ કરી છે. ખાસ ડ્રાઇવ શરૂ કરીને આવા વાહનચાલકોને દંડ ફટકારવામાં આવી રહ્યા છે. જેમાં ખાસ કરીને ઓવરસ્પિડીંગ તથા રોંગસાઇડ ડ્રાઈવીંગ અને પાર્કિંગના કિસ્સામાં મેમા આપવામાં આવી રહ્યા છે સાથે સાથે પરમીટ કે ઈન્સ્યોરન્સ સહિત વાહનના કાગળીયા ક્લિયર ન હોય તે માટે પણ ડ્રાઇવ ચલાવી કેસ કરવામાં આવી રહ્યા છેપોલીસ દ્વારા સમગ્ર રાજ્યમાં આ પ્રકારે ઝુંબેશ ચલાવીને અવેરનેસ લાવવાની સાથે દંડ પણ ફટકારવામાં આવી રહ્યો છે

## તંત્રી લેખ....

# સરકારે કરદાતાઓને રાહત આપી, પ્રોપર્ટી પર ઇન્ડેક્સેશનનો લાભ જાળવી રાખ્યો

પ્રોપર્ટી માલિકો માટે સારા સમાચાર છે. સરકારે લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સના નિયમોમાં રાહત આપવાની જાહેરાત કરી છે. ૨૩ જુલાઈએ કેન્દ્રીય બજેટમાં નાણા મંત્રી નિર્મલા સીતારમણે પ્રોપર્ટી પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સના નિયમોમાં ફેરફારો કર્યા હતા. લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ૨૦ ટકા ઘટાડી ૧૨.૫ ટકા કર્યો હતો. પરંતુ ઈન્ડેક્સેશનનો લાભ દૂર કર્યો હતો. આ બદલાવથી રિયલ એસ્ટેટ સેક્ટરમાં નિરાશા સર્જાઈ હતી.સરકારે ૬ ઓગસ્ટે કહ્યું હતું કે હવે કરદાતાઓ પાસે લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સના ૧૨.૫ ટકા અને ૨૦ ટકા ટેક્સ રેટ વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ હશે. જો કોઈપણ કરદાતા ઈન્ડેક્સેશન લાભ ઈચ્છે છે તો તેણે ૨૦ ટકા લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડશે. જો કોઈ વ્યક્તિ ઈન્ડેક્સેશન લાભ મેળવવા માંગતી નથી, તો તેણે લાંબા ગાળાના મૂડી લાભ પર ૧૨.૫ ટકા ટેક્સ ચૂકવવો પડશે. કરદાતાઓને આ વિકલ્પ ફક્ત ૨૩ જુલાઈ પહેલાં વેચાયેલી મિલકતના કિસ્સામાં જ મળશે.

રિયલ એસ્ટેટ કંપનીઓને પ્રોપર્ટી પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ નિયમોમાં સરકારની છૂટથી રાહત મળશે. આનાથી ઘણા પ્રોપર્ટી માલિકોને પણ ફાયદો થશે જેમણે ૨૩ જુલાઈ પહેલા તેમની મિલકતો વેચવા પર લોંગ ટર્મ કેપિટલ ગેલ્નઈન મેળવ્યો છે. હવે તેમની પાસે ઈન્ડેક્સેશન સાથે અને તે સિવાય ટેક્સ ચૂકવવાનો વિકલ્પ હશે.

ઈન્ડેક્સેશન લાભને કારણે મિલકતની ખરીદ કિંમત વધે છે. વાસ્તવમાં, ઈન્ડેક્સેશન હેઠળ પ્રોપર્ટીની ખરીદ કિંમત ફુગાવા સાથે એડજસ્ટ કરવામાં આવે છે, ધારો કે તમે ૧૫ વર્ષ પહેલાં રૂ. ૧૦ લાખમાં એક પ્રોપર્ટી ખરીદી હતી. તે ૧ જુલાઈએ રૂ. ૨૦ લાખમાં વેચી દીધી હતી. જેમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન રૂ. ૧૦ લાખ થાય છે. પરંતુ ઈન્ડેક્સેશનના લાભને કારણે તેમાં કેપિટલ ગેઈન અર્થાત મૂડી લાભ રૂ. ૬ લાખ થાય છે. જેથી હવે તમારે છ લાખ પર ૨૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે. ઈન્ડેક્સેશન સિવાય તમારે રૂ.૧૦ લાખના મૂડી લાભ પર જ ૧૨.૫ ટકા ટેક્સ ચૂકવવાનો થશે.

# ૯ ઓગસ્ટ, ‘ભારત છોડો આંદોલન દિવસ

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનાં વખતમાં ઈ. સ. ૧૯૪૨નાં દિને ગાંધીજી દ્વારા કરાયેલા આહ્?વાન પર “ભારત છોડો” આંદોલનનો આરંભ થયો હતો. આ આંદોલન ભારત દેશનાં લોકોને તુરંત આઝાદ કરવા માટે અંગ્રેજી શાસન વિરુદ્ધ એક નાગરિક અવજ્ઞા આંદોલન (ષ્ઠૈદૃૈઙ્મ દ્બૈજર્ઙ્ઘીહષ્ઠી દ્બદૃીઙ્ઘીહ) હતો. ક્રિપ્સ મિશન (ઙ્ઘી ર્ઝ્રૈજી દ્બૈજર્જૈહ)માં વિફળતા મળ્યા બાદ મહાત્મા ગાંધીએ બ્રિટિશ શાસનની વિરુદ્ધમાં પોતાનું ત્રીજું મોટું આંદોલન છેડવાનો ફેંસલો કર્યો હતો. ઓગસ્ટ ૧૯૪૨માં શરૂ થયેલા આ આંદોલનને ’અંગ્રેજો ભારત છોડો’ એવું નામ આપવામાં આવ્યું હતું. આ આંદોલનમાં સમગ્ર દેશ શામેલ થયો હતો જેની અંગ્રેજ સરકાર પર ખુબ ઊંડી અસર પડી હતી. આ આંદોલન ભારતની આઝાદી માટે ખુબ મહત્વપૂર્ણ આંદોલન પુરવાર થયું હતું. આંદોલનની શરૂઆતમાં જ ગાંધીજીને તત્કાળ ગિરફ્?તાર કરી લેવામાં આવ્યા હતા. આમ છતાં દેશ ભરના યુવા કાર્યકર્તાઓ હડતાળો અને તોડફોડ કરીને આંદોલન ચલાવતા રહ્યા હતા. સરકારી આંકડા મુજબ આ આંદોલનમાં ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ૬૦હજારથી વધુ લોકોની ધરપક્કડ કરવામાં આવી હતી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખ્ત વલણ અપનાવ્યું હતું. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે સરકારને એક વર્ષથી પણ વધારે સમય લાગ્યો હતો. ભારત દેશ આઝાદ થયો તેને સાડા સાત દાયકાઓ જેટલો સમય થઈ ગયો છે, કેટલાય લોકોનો ભોગ લેવાયો, રાષ્ટ્રમાં વસતા લોકોને એક સારી જિંદગી આપવા માટે આઝાદીનાં લડવૈયાઓએ અથાગ પ્રયત્નો કર્યા જેમાં “હિંદ છોડો“ આંદોલને ખુબ અગત્યનો ભાગ ભજવ્યો છે. વસ્તુતઃ આ મહા ભોગે મળેલી આઝાદીનો આપણે કેવો અને કેટલો ઉપયોગ કરીએ છીએ તે વ્યક્તિની પોતાની સમજ, શક્તિ અને વ્યવહાર પર નિર્ભર કરે છે. આઝાદીનાં આટલા વર્ષો પછી હજુ પણ આપણો દેશ ભ્રષ્ટાચાર, દુરાચાર, બેરોજગારી, મોંઘવારી, સતત પ્રદુષિત થતું પર્યાવરણ જેવી બાબતોથી લઈને અતિ ગંભીર બીમારીઓ નો કરે રહ્યું છે, આ કેટલે અંશે યોગ્ય છે ? આ તમામ બાબતો કેટલા સમય સુધી આમ જ અવિરત ચાલ્યા કરશે તેનો સંપૂર્ણ આધાર દેશનાં લોકો પર છે. જાગૃતિ જ સિદ્ધિ મેળવવાનું એકમાત્ર ઉપાય છે. હું જ શું કામ આમ કરું ?, શું હું એકલો બદલાવ લાવી શકું છું? , મારા એકલાથી શું થઈ જશે ? આ તમામ વાતોને એક તરફ મુકીને ખરેખર કોઈ સચોટ દિશાની પસંદગી કરીને કાર્ય કરવું પડશે. આપણે એ કાયમ યાદ રાખવું જોઈએ કે દેશની આઝાદી માટેની લડત લડવા માટે સૌપ્રથમ આગળ આવેલા ગાંધીજી પણ પહેલા એકલા જ હતા. આ ભારત છોડો આંદોલન દિવસ પર આપણે જાગૃત થઈને અને ભ્રષ્ટાચાર, દુરાચાર, મનની ખરાબીઓ ને છોડવી જોઈએ અને મોંઘવારી, બેરોજગારી જેવા પડકારોનો દ્રઢતાથી સામનો કરવો જોઈએ.

મિત્તલ ખેતાણી

# શાસ્ત્ર અનુસાર માંસાહાર એક વ્યસન

શાસ્ત્રમાં માંસાહારને એક વ્યસન ગણવામાં આવ્યું છે, શાકાહારી ખોરાક ગાયનાં દૂધ, બદામ અને ટોફૂમાંથી બી૧૨, સોયાબીનમાંથી પ્રોટીન અને સૂર્યનાં તડકામાંથી વિટામીન ડી સરળતાથી મળી રહે છે. આહાર એ માનવ જીવનની પ્રાથમિક જરૂરિયાત છે, પરંતુ એ આહાર શાકાહાર કે માંસાહાર ? તે નક્કી કરવું એ એકવીસમી સદીની વૈશ્વિક જરૂરિયાત જણાય છે. માનવજીવનના વ્યક્તિગત અને વૈશ્વિક રક્ષણ માટે માંસાહાર નાબૂદ થવો એ એટલું જ આવશ્યક છે શા માટે ? જેના કેટલાંક વૈજ્ઞાનિક કારણો છે :

મનુષ્યના શરીરની રચના શાકાહારી પ્રાણી તરીકે જ થયેલી છે. મનુષ્યનાં પંજામાં નહોર હોતા નથી, મનુષ્યને અન્ન ચાવવા માટે સાધારણ દાંત હોય છે. માંસાહારી પ્રાણીનાં આંતરડાં ટૂંકાં હોય છે જ્યારે શાકાહારી પ્રાણીનાં આંતરડાં ખૂબ લાંબાં હોય છે, કારણ કે માંસાહારી પ્રાણીને માંસ પચાવવાનું હોતું નથી એટલે તરત જ શરીરની બહાર નિકાલ થઈ જાય છે જ્યારે શાકાહારી મનુષ્ય માંસાહાર કરે ત્યારે તેના આંતરડાં લાંબાં હોવાથી માંસનો સંપૂર્ણ નિકાલ થઈ શકતો નથી. આંતરડાના ખૂણામાં ફસાયેલું માંસ સડે છે. પરિણામે કબજિયાતથી લઈને આંતરડાનું કેન્સર જેવા જીવલેણ રોગો થાય છે. આવા અનેક તફાવતોને કારણે પ્રાકૃતિક રીતે મનુષ્ય શાકાહારી પ્રાણી તરીકે સિદ્ધ થાય છે. નોબલ પ્રાઈઝ વિજેતા પ્રસિદ્ધ નાટ્યકાર જ્યોર્જ બનાર્ડ શોને કોઈકે પૂછ્યું કે તમે શા માટે માંસાહાર નથી કરતા ત્યારે તેમણે જવાબ આપતા કહ્યું કે ‘‘મારું પેટ એ મડદાં દફનાવવાનું કબ્રસ્તાન નથી.’’

માનવ શરીર તંત્ર લાગણીયુક્ત પ્રાણીને ગ્રહણ કરી શકતું નથી, કારણ કે જ્યારે કતલખાનામાં ગાય, મરઘી જેવા લાગણીયુક્ત પ્રાણીઓને મારવા માટે લાવવામાં આવે છે ત્યારે તેમાં ભયની લાગણી જન્મે છે. જે લાગણી તેના શરીરમાં એડ્રીનલ ગ્રંથી દ્વારા ઝેરી હોર્મોન્સ ઉત્પન્ન કરે છે. પછી જ્યારે માણસ તે ખાય છે ત્યારે તેની સીધી અસર માનવીય સ્વભાવ ઉપર પડે છે; પરિણામે માંસાહાર કરનાર વ્યક્તિ ક્રોધી, લાગણીહીન, હિંસક, ભયાનક અને ઝનૂની બનતો જાય છે. ભગવાન શ્રીકૃષ્ણએ પણ ગીતામાં કહ્યું છે ‘‘માંસાહાર એ તમોગુણી આહાર છે. તમોગુણી આહાર કરનાર વ્યક્તિનો સ્વભાવ તમોગુણી બની જાય છે.’’

જ્યાં માંસાહારનું પ્રમાણ વધારે હોય ત્યાંથી જ રોગચાળા ઉત્પન્ન થાય છે. ઈશ્વરે શાકભાજી, ફળો અને અનાજ પૃથ્વી પરના તમામ જીવોનું પાલન પોષણ થાય તે માટે જ બનાવ્યા છે. તે માટે આ બધી સત્ય વાતોને સમજીને માંસાહારનો ત્યાગ કરીને શાકાહાર તરફ વળવું જોઈએ.

# બાંગ્લાદેશમાં કટોકટી: ટેક્સટાઈલ નિકાસને ફાયદો થશે

નવી દિલ્હી : બાંગ્લાદેશમાં રાજકીય કટોકટી ઘેરી બની રહી છે ત્યારે વેપારની દ્રષ્ટિએ ખાસ કરીને રેડીમેડ ગારમેન્ટસના વેપારમાં ભારતને લાભ થવાની શકયતા જોવાઈ રહી છે. બાંગ્લાદેશની નિકાસમાં ટેકસટાઈલ ક્ષેત્રનું મોટું યોગદાન રહે છે. બાંગ્લાદેશમાં કટોકટીને ધ્યાનમાં રાખતા રેડીમેડ ગારમેન્ટસના આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભારત જેવી વૈકલ્પિક બજારો તરફ વળવા લાગશે એમ તિરુપુર એકસપોર્ટર્સ‘ એસોસિએશનના એક હોદ્દેદારે જણાવ્યું હતું.ભારતમાં રેડીમેડ ગારમેન્ટસના ઉત્પાદન તથા નિકાસ માટે તિરુપુર મોટું મથક છે. બાંગ્લાદેશમાં અશાંતિને કારણે ભારતને મહિને ૩૫થી ૪૦ કરોડ ડોલરનો વધારાનો વેપાર મળી રહેવાની શકયતા છે. જે બાંગ્લાદેશના ગારમેન્ટ વેપારના ૧૦થી ૧૨ ટકા જેટવો થવા જાય છે.બાંગ્લાદેશની એપરલ નિકાસનો માસિક આંક ૩.૬૦થી ૩.૮૦ અબજ ડોલર છે. બાંગ્લાદેશના એપરલની નિકાસ મુખ્યત્વે અમેરિકા, યુકે તથા યુરોપના દેશોમાં થાય છે. યુરોપિયન યુનિયન અને યુકેમાં તે બે આંકડાનો બજાર હિસ્સો ધરાવે છે જ્યારે યુએસ માર્કેટમાં ૧૦ટકા બજારહિસ્સો ધરાવે છે.દરમિયાન દક્ષિણ એશિયામાં બાંગ્લાદેશ ભારતનો મોટો વેપાર ભાગીદાર દેશ છે તેમ છતાં, હાલની અશાંતિથી ભારતને વેપારમાં કોઈ માર પડવાની શક્યતા નહી હોવાનું એસએન્ડપી દ્વારા એક રિપોર્ટમાં જણાવાયુંછે. ગયા નાણાં વર્ષમાં બાંગ્લાદેશ ખાતે ભારતનો નિકાસ આંક ૧૧ અબજ ડોલર રહ્યો હતો જે નાણાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨.૨૧ અબજ ડોલર જોવા મળ્યો હતો. આયાત પણ બે અબજ ડોલરથી ઘટી ૧.૮૪ અબજ ડોલર રહી હતી.

# ગુજરાતમાં રોજ સરેરાશ ૨૨૩થી વધુ લોકોને હૃદયની સમસ્યા, એમાંય ૨૦ ટકા કેસ તો ફક્ત અમદાવાદમાં

તાજેતરમાં સોશિયલ મીડિયામાં જયપુરનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં ડાન્સ કરતી વખતે એક યુવાનને હાર્ટ એટેક આવતાં ઢળી પડ્યો હતો અને તેનું થોડી જ ક્ષણોમાં તેનું મૃત્યુ થયું હતું. ગુજરાતમાં પણ આ પ્રકારે અચાનક જ હાર્ટ એટેકના કેસ આવવાના કિસ્સા છાસવારે સામે આવી રહ્યા છે. જાન્યુઆરીથી જુલાઇ એમ સાત મહિનામાં હૃદયની સમસ્યાના ૪૭,૧૮૦ કેસ નોંધાઇ ચૂક્યા છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૨૨૩ જ્યારે પ્રતિ કલાકે ૯ લોકોને હૃદયની સમસ્યાનો સામનો કરવો પડે છે.

આ અંગે ઈમરજન્સી સેવા ‘૧૦૮‘ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર જાન્યુઆરીથી જુલાઇ સુધી આ વર્ષે રાજ્યમાં હૃદયની સમસ્યાના ૪૭,૧૮૦ કેસ જ્યારે ગત વર્ષે ૪૦,૨૫૮ કેસ નોંધાયા હતા. આમ, ગત વર્ષે જાન્યુઆરી થી જુલાઈની સરખામણીએ આ વખતે હૃદયની સમસ્યા ધરાવતા દર્દીમાં ૧૭ ટકાથી વધુનો વધારો થયો હતો. જુલાઈમાં રાજ્યમાં હૃદયની સમસ્યાના ૭૧૧૧ કેસ નોંધાયેલા હતા. જૂન કરતાં જુલાઇમાં હૃદયની સમસ્યાના કેસમાં ૧૦ ટકા જેટલો વધારો થયો હતો.અમદાવાદમાં ૧૩,૯૦૬ લોકોને છેલ્લા ૭ મહિનામાં હૃદયની સમસ્યા સર્જાયેલી છે. આ સ્થિતિએ અમદાવાદમાં દરરોજ સરેરાશ ૬૬ લોકોને હૃદયની સમસ્યાનો સામનો કરવો પડે છે. ગત વર્ષે જાન્યુઆરીથી જુલાઇ સુધી અમદાવાદમાં ૧૨,૧૩૩ કેસ નોંધાયા હતા. આ સ્થિતિએ અમદાવાદમાં પણ ગત વર્ષ કરતાં ૧૦ ટકાથી વધુનો વધારો થયો છે. હૃદયની સમસ્યાના સૌથી વધુ કેસમાં અમદાવાદ બાદ સુરત બીજા અને વડોદરા ત્રીજા સ્થાને છે.

ડોક્ટરોના મતે છાતી ભારે લાગવી, પરસેવો વળી જવો, ધબકારા વધી જવા અથવા ધબકારા સંભાળાવવા, શ્વાસ લેવામાં તકલીફ થવી, ચક્કર આવવા અથવા આંખે અંધારા આવી જવા, અશકિત લાગવી તેમજ એસીડીટી જેવુ લાગવું, પીઠદર્દ થવું, જડબામાં દુઃખવું, હાથ ભારે લાગવા તે હૃદયરોગના મુખ્ય લક્ષણો છે. આવા લક્ષણો જણાય તો તુરંત જ ડોક્ટરનો સંપર્ક કરવો જોઇએ.

# ઘર ખરીદનારાને રાહત : બજેટમાં જેનો સૌથી વધુ વિરોધ થયો તેના પર સરકાર નિર્ણય બદલે તેવી શક્યતા

ઘર ખરીદનારાઓને મોટી રાહત આપતા કેન્દ્રની મોદી સરકારે મંગળવારે લોંગ-ટર્મ કેપિટલ ગેઈન્સ (ન્ઝ્રય્)ની તાજેતરની વ્યવસ્થામાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. માહિતી અનુસાર આ ફેરફાર બાદ કરદાતાઓને ૨૩ જુલાઈ, ૨૦૨૪ પહેલાં કમાયેલી મિલકતો પર લિસ્ટિંગ સાથે ૧૨.૫ ટકા નો ઓછો ટેક્સ (લિસ્ટિંગ વગરની પ્રોપર્ટી પર) અથવા લિસ્ટિંગ સાથે ૨૦ ટકાના ઊંચા દરમાંથી કોઈ એકની પસંદગી કરવાની છૂટ મળશે. આ પ્રસ્તાવ અંગે સરકાર મંથન કરી રહી છે જેને જલદી લાગુ કરાશે.આ સુધારા બાદ કરદાતાઓને સ્થાવર મિલકતો પર મળતાં આર્થિક લાભ પર લાગતા ટેક્સમાં રાહત મળશે. આ ફેરફાર નાણાકીય બિલ ૨૦૨૪માં સુધારાના માધ્યમથી કરાયો છે. ખરેખર આ વખતે બજેટ ૨૦૨૪માં નાણામંત્રી નિર્મલા સીતારમણે ટેક્સ સંબંધિત ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. તેમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં ઈન્ડેક્સેશનના લાભને દૂર કરવાનો એક મોટો નિર્ણય લેવાયો હતો. આ સાથે બજેટમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ૨૦% થી ઘટાડીને ૧૨.૫% ??કરવામાં આવ્યો હતો. પરંતુ હવે તેમાં સુધારો કરવા વિચારણા ચાલી રહી છે.

બજેટ ૨૦૨૪માં સરકારે પ્રોપર્ટીના વેચાણ પર ટેક્સના નિયમોમાં મોટા ફેરફારની જાહેરાત કરી હતી. તેના પછી વિવાદ વધી ગયો હતો. સરકારે લોન્ગ ટર્મ પર મિલકતના વેચાણ પર થતો ન્ઝ્રય્ ટેક્સ ઘટાડીને ૧૨.૫ ટકા કર્યો હતો. પરંતુ તેના પર ઉપલબ્ધ ઈન્ડેક્સેશન લાભ હટાવી દીધો હતો. પછીથી સરકારે સ્પષ્ટતા કરી હતી કે કઈ પ્રોપર્ટી પર ઈન્ડેક્સેશન લાગુ થશે અને કઈ પ્રોપર્ટી પર નહીં?

નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં એક સ્ટાન્ડર્ડ લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (ન્ઝ્રય્) ટેક્સની જાહેરાત કરી હતી. પહેલા અનેક ફાઈનાન્શિયલ અને નોન ફાઈનાન્શિયલ પ્રોપર્ટીઝ પર અલગ અલગ ન્ઝ્રય્ રેટ લાગુ થતા હતા. જેમ કે એક વર્ષથી વધુ સમય માટે રાખવામાં આવેલા શેરના વેચાણ પર ૧૦ ટકા ટેક્સ વસૂલાતો હતો જોકે રિયલ એસ્ટેટ અને સોના જેવી નોન ફાયનાન્શિયલ પ્રોપર્ટીને સેલ કરતાં ૨૦ ટકા ટેક્સ વસૂલવામાં આવતો હતો.

બજેટમાં સરકારે કોઈપણ પ્રકારની પ્રોપર્ટીના વેચાણ પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન (ન્ઝ્રય્) ટેક્સમાં ઘટાડો કર્યો હતો. તેનો મતલબ એ કે તમે શેર વેચો કે કોઈ પ્રોપર્ટી વેચો, તમારે ૧૨.૫ ટકાનો લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડશે. જોકે, સરકારે પ્રોપર્ટીના વેચાણ પર ઉપલબ્ધ ઈન્ડેક્સેશનને હટાવી દીધું હતું. ત્યારપછી સરકારે કહ્યું કે આ ફેરફાર ટેક્સ સિસ્ટમને સરળ બનાવવા માટે કરવામાં આવ્યો હતો.

ઈન્ડેક્સેશન સમયાંતરે કોઈ મિલકતની ખરીદ કિંમતને સમયની સાથે મોંઘવારી અનુસાર એડજસ્ટ કરે છે. જેનો ઉપયોગ કેપિટલ ગેઈનના કેલ્ક્યુલેશન માટે કરાય છે. સરકાર બેઝ યર (૨૦૦૧-૨૦૦૨) ની તુલનામાં ભાવમાં ફેરફારને માપવા માટે દર વર્ષે કોસ્ટ ઈન્ફ્લેશન ઈન્ડેક્સ (ઝ્રૈૈં) બહાર પાડે છે. તેના આધારે ગણતરી કરીને ઈન્ડેક્સેશન નક્કી કરવામાં આવે છે.

# ન્યૂઝ઼ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ

NOG(450)2024
JAN FARIYAD NEWS

**N O G S S N O :168**
વિષય: શ્રાવણ શિવ મહિમા
શીર્ષક: શ્રાવણ માસનું આધ્યાત્મિક શિવ મહિમા. પ્રકાર: ગદ્ય. શબ્દ:૩૦૯

શ્રાવણ માસનું આધ્યાત્મિક શિવ મહિમા

શ્રાવણ માસનો શિવ મહિમા ઉત્સવ એક અનોખો આધ્યાત્મિક પર્વ છે. જે મૂળ હિન્દુઓ અલગ અલગ રાજ્યમાં અલગ અલગ જ્ઞાતિ ધર્મના અલગ અલગ રીતે ઉજવતા હોય છે. શ્રાવણ માસમાં શિવ મહિમા નો પર્વ એક હરિયાળી અમાવસ્યા ઉત્સવ તરીકે અનેરો રંગ રાજસ્થાનમાં ઉજવાય છે. એમ મહારાષ્ટ્રમાં ગટારિયા અમાવસ્યા રીતે અલગ ઉજવાય છે. આમ શ્રવણ માસનો આધ્યાત્મિક મહિમા ને રંગ આપી આજનો માનવી પોતાને ભક્ત કહેવડાવતો માનવી વિચિત્ર સ્વાદનો આનંદ લેતા જોવામાં આવતા હોય છે અને મદ મસ્ત થઈ મસ્તી માં ઝૂલતા હોય છે..!?
મૂળ આપણો ભારતીય તહેવાર આધ્યાત્મિક તરીકે ઉજવવામાં આવે તો વ્યક્તિ પૂજ્યનીય બની જાય. અને દેવી-દેવતા તરીકે પૂજાય....
પરમ પિતા પરમાત્મા શિવની મહિમા અપરંપાર છે. તેઓ પવિત્રતા, પ્રેમ, શક્તિ, શાંતિ, સુખ, જ્ઞાન, આનંદ સ્વરૂપ ગુણોના ભંડાર છે. સ્વઃભગવાન શ્રીમદ ભગવત ગીતાના રચયિતા છે. જ્ઞાન ના ભંડાર અને પ્રેમના સાગર છે. સૃષ્ટિ ના સર્જનહાર છે. ગરીબોના મસીહા છે. ગરીબ નવાજ છે. શિવ ભક્ત ની હોળી હીલોડા ખાય પરંતુ ક્યારે ડૂબતી નથી.
શ્રવણ માસમાં ભક્તો શિવલિંગ ઉપર બિલીપત્ર જળ અમૃત સમાન દૂધનો અભિષેક કરતા જોવામાં આવે છે. શિવ સ્તુતિ મંત્ર બોલી, નિર્જલા ઉપવાસ કરી, ફળાહાર ખાઈ પોતાને ધન્ય સમજતા હોય છે. ભક્તમાં ભગવાનના દર્શન કરવા હોય તો જળ તત્વ સમાન પારદર્શિતા નું હોવું જરૂરી છે. અને એ પારદર્શિતા છે પવિત્રતાના ગુણોનું હોવું ખૂબ જ જરૂરી છે. ત્યારે જ ભગવાનને ભક્ત ગમે છે. જે સત્ય છે

આવો આપણે સૌ સાથે મળી દ્રઢ સંકલ્પ કરીએ શ્રવણ માસને એક આધ્યાત્મિક પર્વ તરીકે કટ્ટરતા થી ઉજવીએ અને જીવનમાં પરમપિતા પરમાત્મા શિવના ગુણોની માળા ધારણ કરીએ અને એમના પદ્મા પદમ ઉપર ચાલી એમનું નામ રોશન કરી ધન્યતા અનુભવીએ. અને દેવી-દેવતા ના ગુણોને ધારણ કરીએ. આપણે સહું શિવ પરમપિતા પરમાત્મા ના બાળક છીએ. તેઓ આપણાં મા બાપ ભાઈ બહેન ગુરુ ટીચર અને સદગુરુ છે. તેઓ સૌનાં રક્ષક અને પાલનહાર છે. પ્રકૃતિનાં માલિક છે.
**God Shiv is over true father**
ઓમ નમઃ શિવાય ,ઓમ નમઃ શિવાય
ઓમ નમઃ શિવાય ,,,અસ્તુ
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'
ઉદયપુર રાજસ્થાન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS No-162**
વિષય- શ્રાવણના સરવરિયા
શીષઁક- ભકિતનો મહિમા
પકાર- પધ , શબ્દ- ૬૦

“શ્રાવણ મહિનો સરવરેને નદીએ આવ્યા નીર કે આણા મોકલને મોરાર.
“ભાદરવે ભીંડો ભલૌને ભડલી આવે જાય. આસો મહિના ના નોરતાને સૈયરુ ગરબા ગાય કે આણા મોકલને મોરાર.
“ કથા કિંતન ભાવથીને ધરીએ હરીનું ધ્યાન ફુલ હિંડોળે કાનો જુલે મન મારું હરખાય કે આણા મોકલને મોરાર,
“ ધ્યાન દાન પુન્યનો મહિમા આવે અપાર આનંદ કે આણા મોકલને મોરાર,
“ મંદિર હવેલી ચોરે જઈએ હૈયે ધરિએ પ્રભુનું નામ કે આણા મોકલને મોરાર,
“ શ્રાવણ મહિનો સરવરેને નદીએ આવ્યા નીર કે આણા મોકલને મોરાર.

રેખા નાકરાણી, નવી મુંબઈ .??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 169**
વિષય - શ્રાવણના સરવરિયા ( શ્રાવણ શિવ મહિમા)
શીર્ષક - સર્વેશ્વર શબ્દો - ૧૦૧

સંચાલન સઘળું તુ કરનારો કિરતાર,
કોઈ "દિ" કશુંય ન માથે ક્યારેય રાખનાર.

સકળ વિશ્વનો બાપ તુ સર્જનહાર,
અખિલ બ્રાહ્મડમાં એક તારો આધાર.

ઈચ્છા વગર તારી ક્યારેય એકેય પાંદડું ન હાલે,
સૌને નાચ નિત નચાવે સર્વેશ્વર ડમરુનાં તાલે.

કીડીને કણ રોજ હાથીને મણ તુ આપે,
આઠે પહોર હરહંમેશ ભક્તો કાજે જાગે.

હિસાબ કેરો કર્મનો ચોપડો કાયમ રાખે,
સારા નરસાની કાયમ સમજણ સૌને આપે.

હું કરું! હું કરું! મિથ્યાભિમાન માનવ રાખે,
લેણદેણ પૂર્ણ થતાં જીવનદોરી સટાક કાપે.

નિમિત્ત બનાવી અમને તારું ધાર્યું રોજ કરાવે,
રાખના રમકડાં બનાવી અમને રોજ રમાડે.

લતાબેન ચૌહાણ.. "સોનાવેલ" (ગોધરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:-226**
વિષય:- શ્રાવણના સરવરિયા
શીર્ષક:- શ્રાવણ માસે
પ્રકાર:- પદ્ય. શબ્દો:-૯૯

શ્રાવણ માસે

?જપ, તપ ને ઉપાસના કાજે ઉત્તમ શ્રાવણ માસ.
ઋષિમુનિએ જે રાહ બતાવ્યો એ શ્રાવણ
માસ.

તહેવારોની હારમાળા લઈ આવે શ્રાવણ માસ.
પવિત્રતાનું ઉત્તમ ઉદાહરણ કહેવાય એ
માસ.

ઉપનયન બદલવાનો લ્હાવો લેવા શ્રાવણ માસ.
ભાઈ બહેનીના હેત તણું પ્રતિક દિશે શ્રાવણ માસ.

નાગપંચમીએ પ્રેમે કુલેર લાડુનો શ્રાવણ માસ.
શિવજી શીરે શોભે તે પુજે લોકો, શ્રાવણ માસ.

આવે રાંધણ છઠ, શિતળતા સાતમ આ માસ.
જન્માષ્ટમીના દિને અવતરે કૃષ્ણ, શ્રાવણ માસ.

ઠેર ઠેર જુઓ મેળે ઉભરાતા જન, શ્રાવણ માસ.
બિલી પત્રોને શિવજીને ચડાવતાં, શ્રાવણ માસ.

ચોમાસા કેરી ઋતુમાં ઉપવાસનો શ્રાવણ માસ.
દેવોનાં દર્શને ભક્તો ખુબ પધારે, શ્રાવણ માસ.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- શ્રાવણના સરવરિયા (શ્રાવણ શિવ મહિમા)
પ્રકાર :- પદ્ય, (ગેય કાવ્ય)
શીર્ષક :- 'શંકરા શંકરા' –(શબ્દો :- ૧૨૪)

સમન કરે સમન કરે, દુઃખનું સમન કરે
કળશ એક જળ ચડે, પ્રસન્ન થાય શંકરા.
શંકરા શંકરા, ત્રિશુલ ધારી શંકરા.
ત્રિદલ બિલ્વ પત્રથી, ખુશ રહે છે શંકરા,
ધતુર પુષ્પ પાવના, તે આસુતોષ શંકરા.
શંકરા શંકરા, પિનાકપાણિ શંકરા.
વિષ ધરે જે કંઠમાં, તે નિલકંઠ શંકરા,
ચિતા ભસ્મ ચોળીને નૃત્ય કરે શંકરા.
શંકરા શંકરા, વિષધારી શંકરા.
રુદ્ર માલા કંઠમાં, જટાજૂટ શંકરા,
ડમ્ ડમ્ ડમરુ નાદ, અલખ નાદ શંકરા.
શંકરા શંકરા, રુદ્રાક્ષ ધારી શંકરા.
નિરંકાર નિરંજના, નયન ત્રણ શંકરા,
બ્રહ્મ કરે છે સર્જના, વિસર્જના છે શંકરા.
શંકરા શંકરા, ત્રિનેત્ર ધારી શંકરા.
નમઃ શિવાય શિવાય નમઃ, જપે જો કોઈ શંકરા,
મૃત્યુને પરહરે, પ્રસન્ન કરે જો શંકરા,
શંકરા શંકરા પ્રસન્ન ચિત્ત શંકરા.
ભુજંગધરા ત્રિશુલધરા, શશિધરા છે શંકરા,
વાઘાંબરા, દિગંબરા, ને ગંગધારી શંકરા.
શંકરા શંકરા, ભુજંગ ધારી શંકરા.

( યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' જૂનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - શ્રાવણનાં સરવરિયા
શિર્ષક - શ્રાવણ આવ્યો
પ્રકાર - પદ્ય શબ્દો -૮૭

ઝરમર ઝરમર વરસાદ લાવતો..
હિન્દુ ધર્મનો મહિમા ગાજવતો..
શ્રાવણ આવ્યો, શ્રાવણ આવ્યો..

શિવભક્તો ને શિવમય બનાવતો
કૃષ્ણ જન્મની વધામણી કરી મટકી ફોડાવતો..
શ્રાવણ આવ્યો, શ્રાવણ આવ્યો..

નાગપંચમી પૂજા કરી કુલેર ચડાવતો,
શીતળા માતાને યાદ કરી અગ્નિને ઠારવતો..
શ્રાવણ આવ્યો, શ્રાવણ આવ્યો..

ભાઈ- બહેના પવિત્ર પ્રેમની ઉજવણી કરાવતો..
સ્વાતંત્ર્ય દિનની યાદમાં દેશભક્તિ ના નારા ગવાતો..
શ્રાવણ આવ્યો, શ્રાવણ આવ્યો..

જૈનોના મહાપર્વ પર્યુષણની પધરામણી કરાવતો..
ધર્મના મહાગ્રંથનુ વાંચન કરાવતો..
શ્રાવણ આવ્યો, શ્રાવણ આવ્યો..

બારમાસી માં આ પવિત્ર માસ ગણાતો..
એકટાણાં, ઉપવાસ કરી શ્રધ્ધાથી સૌને પૂજાવતો..
શ્રાવણ આવ્યો, શ્રાવણ આવ્યો..
છાયા શાહ.મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:161**
વિષય : શ્રાવણના સરવરિયા
શિર્ષક: શ્રાવણી મહિમા
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૮૧

શ્રાવણના સરવરિયાએ પાડ્યો છે સાદ,
સાથે પ્રેમમિલનની લઈને આવ્યો છે યાદ!
આંબા ડાળે કોયલ બોલી કરે થોડી ફરિયાદ,
આભે વિજલડી અને નયને નીંદર નહીં!
દિલમાં તો લાગી છે લ્હાય.

હે શ્રાવણ, તું માસ છે પર્વનો
માટે લાગે તું વ્હાલો છે સર્વનો
હરિ અને હર મહીમા છે બન્નેનો
ભક્તજનોનો પોકાર સાંભળી!
મંદિરીયે કેવો સોહાય.

આકાશે મેઘ
આભાર - નિહારીકા રવિયા ઘટા ઘનઘોર થાય,
ઠંડા મીઠા વાયરા પણ વાય !
આવકારે સૌ પશુપંખીઓ,
અધરે ગીત મધુરાં ગાય!
હૈયું હરખે કરે છબછબિયાં,
બાળુડા સૌ હરખાય.
◦◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS ™tfh: 352**
વિષય: શ્રવણ. પ્રકાર:- ગદ્ય લેખ
શીર્ષક: શ્રાવણ માસનું મહત્વ
શબ્દો: ૩૨૭. શ્રાવણનો મહિમા

શ્રાવણ મહિનો, જે વરસાદની વિધિનો મહિનો છે, હિન્દુ ધર્મમાં ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ મહિનામાં કેટલીક ખાસ તારીખો અને તહેવારો આવે છે, જેમ કે:

- શ્રાવણ સોમવાર: આ દિવસે ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે.
- શ્રાવણ શુક્રવાર: આ દિવસે દેવી લક્ષ્મીની પૂજાનો દિવસ છે.
- રક્ષા બંધન: આ દિવસે ભાઈ-બહેનનો તહેવાર ઉજવવામાં આવે છે.
- જન્માષ્ટમી: આ દિવસે ભગવાન કૃષ્ણની જન્મજયંતિ ઉજવવામાં આવે છે.

શ્રાવણ માસમાં વરસાદની મોસમ શરૂ થાય છે, જે ખેડૂતો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

શ્રાવણ મહિનામાં કેટલીક ખાસ તિથિઓ છે, પૂજાઓ અને તહેવારોછે, જે હિંદુ ધર્મના અનુયાયીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- શ્રાવણ મહિનાનું મહત્વ માત્ર હિંદુ ધર્મ પૂરતું જ સીમિત નથી, પરંતુ આ મહિનો ખેડૂતો માટે પણ ઘણો મહત્વનો છે.
શ્રાવણ માસમાં શિવજી નું પણ એટલુજ મહત્વ છે.
- શિવજીનો અર્થ "શુભ" અથવા "મંગલ" થાય છે, જે તેમના શુભ અને શુભ સ્વભાવનું પ્રતિક છે.
-
- શિવજીને 'મહાદેવ' પણ કહેવામાં આવે છે, જે તેમની મહાનતા અને શક્તિનું પ્રતિક છે.
- ભગવાન શિવની ઉપાસનાથી માણસને પોતાના જીવનમાં શાંતિ અને સંતોષ મળે છે.

- શિવજીની કિશોર આંખોમાં અગ્નિ, પાણી અને વાયુ છે, જે તેમની શક્તિ અને શક્તિનું પ્રતિક છે.
- શિવજીની જટાનો અર્થ થાય છે "જ્ઞાન" અથવા "જ્ઞાન", જે તેમના જ્ઞાન અને ડહાપણનું પ્રતીક છે.
- શિવને "નટરાજ" પણ કહેવામાં આવે છે, જે તેમના નૃત્ય અને સંગીતનો સ્ત્રોત છે.
- ભગવાન શિવની આરાધના કરવાથી માણસને પોતાના જીવનમાં દુઃખ અને કષ્ટોમાંથી મુક્તિ મળે છે.).

- શિવાજીના ડમરુમાં ૧૪ સ્વરો છે, જે તેમના સંગીત અને નૃત્યનું પ્રતીક છે.

૧૪ સ્વરો
- આ ૧૪ સ્વરોને "સ્વરોકા" તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સ્વરોકામાં ૧૪ સ્વરો છે:
૧.શડજ,૨.ઋષભ, ૩.ગાંધાર,૪. મધ્યવર્તી,૫.પંચમ,૬.ધૈવત, ૭. નિષાદ
૮. શુદ્ધ શડજ,૯. શુદ્ધ ઋષભ,૧૦. શુદ્ધ ગાંધર ,૧૧. શુદ્ધ મધ્ય,૧૨. શુદ્ધ પાંચમ
૧૩. શુદ્ધ ધૈવત, ૧૪. શુદ્ધ નિષાદ
- આ ધ્વનિ શિવના ડમરુમાં હાજર છે અને તે તેમના ગીત અને નૃત્યનો સ્ત્રોત છે.
- સ્વરોનો અવાજ તેની મહાનતા અને શક્તિનું પ્રતિક છે અને તેના ગીતો અને નૃત્યોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
આ કેટલાક અદ્ભુત બેટિન્સ છે જે ભગવાન શિવની મહાનતા અને શક્તિનો પુરાવો છે.
શોભના ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.: 0101**
વિષય : શ્રાવણના સરવરિયા
શીર્ષક : વરસી જવા દો
પ્રકાર : પદ્ય શબ્દો :

શ્રાવણના સરવરિયાને વરસી જવા દો,
હૃદયની ભીની યાદોને લપસી જવા દો.

યૌવનને કાંઠે પનિહારી તરસી તરસી,
ઘેરાયેલાં આ વાદળને વરસી જવા દો.

પાંપણની પાળે છલકે છે આવેગો,
આંસુના બિંદુઓને સરસી જવા દો.

નિઃશબ્દ થઈ ગુંજે છે મેઘ ગર્જના,
કોઈ પેલી વીજળીને પ્રકાશી જવા દો.

ગ્રીષ્મના ગુલમહોર ભીંજાય ગયા છે,
સનમના ભીનાં પાલવને સ્પર્શી જવા દો.

★ભરત સાંગાણી

---

# પીપલદહાડ ગામે પાણી પુરવઠા જુથ યોજના અન્વયે કુવા રીપેરીંગ કામ ભ્રષ્ટાચાર તો નથી દેખાતો પરંતુ બધી જગ્યાએ તૂટેલું નજરે પડી રહ્યું છે પરંતુ પુરવઠા અધિકારીઓને જાદુના ચશ્માં ......?

આહવા-ડાંગ

સુબીર તાલુકામા આવેલ પીપલદહાડ ગામમા પાણી પુરવઠા જુથ યોજના ના કુવા રીપેરીગ કામમા મસ મોટુ ભ્રષ્ટાચાર થયુ હોય તેમા લાગી રહ્યું છે જેમાં કોઈ બે મત નથી. પીપલદહાડ જુથ પાણી પુરવઠાનો કુવોને લગભગ ૨૦, વર્ષ થયા છે. પીપલદહાડ થી આજુબાજુના ૨૦ થી ૨૨ ગામોને પાણી પુરુ પાડતો કુવો છે. ૨૦ થી ૨૨ ગામોને જ્યારે પાણીની સમસ્યાનો હલ થતુ હોય છે. ત્યારે આ કુવાને ઉનાળા દરમિયાન રીપેરીગ કામ તો કરવામા આવ્યુ હતુ. પણ ખાલી બતાવવા માટેની પ્રોસેસ હોય તેમ ખાલી સિમેન્ટનુ પાણી ચોપડયુ હોય તેમ દેખાય છે. જ્યારે ચોમાસાની સરવાતનાજ વરસાદમા કુવામા તિરાડ પડી ગઈ છે. તો શુ આવા રીપેરીગ કામનો શુ મતલબ આ કુવા રીપેરીગ કામમા અધિકારીઓનુ હિસ્સો કેટલુ હશે..? એતો કોન્ટ્રાક્ટરને જ ખબર હશે ત્યારે આવુ રીપેરીગ કામમા સ્પષ્ટ રીતે ભ્રષ્ટાચાર થયો હોય તેમ નજરે પડે છે. આ પીપલદહાડ જુથ પાણી પુરવઠાના કુવામાંથી ગામ લોકો પાણી વપરાશ કરતા હોય છે. તેથી કુવામા પાણી ભરતા લોકો સાથે ગમે ત્યારે દુર્ઘટના ઘટી શકે છે. તેમજ કુવાના આજુબાજુથી નાના છોકરાઓ નદીએ જતા હોય છે. ત્યારે આ જુથ પાણી પુરવઠા યોજનાનો કુવો નદી કીનારા પર હોવાના કારણે કુવો છલોછલ ભરાયેલો હોય છે.

---

# અપહરણના ગુનામાં છેલ્લા બે મહિનાથી નાસતો-ફરતો વોન્ટેડ આરોપીને સુરત શહેર ખાતેથી પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાન્ચ ડાંગ-આહવા

મે.પોલીસ મહાનિરીક્ષકશ્રી પ્રેમવીર સિંહ સુરત વિભાગ, સુરત નાઓએ સુરત રેન્જ વિસ્તારમાં મિલ્કત સંબંધી તથા વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢવા અંગે સખત પેટ્રોલિંગમાં રહેવા સુચના આપતા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,યશપાલ જગાણીયા (જી) ડાંગ-આહવા નાઓની રાહબરી હેઠળ ડાંગ જિલ્લાના શરીર સંબંધી ગુનાઓ આચરનાર આરોપીઓ શોધી કાઢવા સુચના મળતા ડાંગ જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને આધારભુત ચોક્કસ અને પાક્કી બાતમી હકીકત મળેલ કે,

આહવા પોલીસ સ્ટેશન ''એ'' પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૯૦૦૨૨૪૦૩૫૨/૨૦૨૪ ઈ.પી.કો. કલમ-૩૬૩,૩૬૬ ના ગુનામાં નાસતો-ફરતો વોન્ટેડ આરોપી દાઉદભાઈ સખારામભાઈ પવાર રહે.પિપલાઈદેવી તા.સુબીર જી.ડાંગ વાળો ગુનો કર્યા બાદ છેલ્લા બે માસથી ભોગ બનનાર બહેનનું અપહરણ કરી નાસી ગયેલ હોય અને જેઓ હાલમાં સુરત ભીંડી બજાર ભેસ્તાન એરીયા પાસે આવેલ ઝૂપડપટ્ટીમાં રહી મજૂરી કામ કરે છે જે બાતમી આધારે તાબાની ટીમના માણસોએ સુરત શહેર ખાતે જઈ સુરત શહેરના ભીંડી બજાર ભેસ્તાન એરીયાના ઝૂપડપટ્ટીમાં હ્યુમન અને ટેકનીકલ શોર્સના આધારે શોધખોળ-તપાસ કરતા ઉપરોક્ત આરોપીને ભીંડી બજાર ભેસ્તાન એરીયાના ઝૂપડપટ્ટી માંથી પકડી લઈ મ.દ્ર.જી.જી-૨૦૨૩ની કલમ-૩૫(૧)(જે) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર ટીમ:-
પો.સ.ઈ. કે.જે.નિરંજન, લોકલ ક્રાઈમ બ્રાન્ચ ડાંગ-આહવા
એ.એસ.આઇ. પ્રમોદ ગનસુભાઇ બ.ન.૪૬૩
એ.એસ.આઈ.રમેશભાઇ બાળુભાઇ બ.નં. ૪૬૨
અ.હે.કો. લક્ષ્મણ જયવનભાઇ બ.ન ૪૬૧
અ.હે.કો.રણજીતભાઈ ઉસ્યાભાઈ બ.નં. ૧૦૬
અ.પો.કો.દિલીપભાઇ જતરીયાભાઇ બ.નં. ૦૧૮૨

# ભૂખમરા સૂચકાંકમાં સમગ્ર દેશમાં ગુજરાત ૨૫માં ક્રમાંકે: જે અત્યંત ચિંતાજનક બાબત

ભાજપ સરકારના દિશાવિહીન, ભ્રષ્ટ આરોગ્ય વિભાગની નીતિરીતીના કારણે તેની કિમંત ગુજરાતની જનતાને ચૂકવવી પડી રહી છે. કેમ ગુજરાતમાં સતત વધી રહેલા કુપોષણ અને ભૂખમરા સતત વધી રહ્યા છે ત્યારે બાળકો અને સગર્ભા સ્ત્રીઓના પોષણના કરોડો રૂપિયા કોણ ખાઈ ગયું ? તેવો વેધક સવાલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે નવજાત બાળકો-માતામા સતત વધતા જતા કુપોષણના કારણે ગુજરાતમાં માતા અને નવજાત બાળકોનો મૃત્યુનો આંક અટકવાનો નામ લેતો નથી. સાથોસાથ ભૂખમરા સૂચકાંકમાં સમગ્ર દેશમાં ગુજરાત ૨૫માં ક્રમાંકે છે જે અત્યંત ચિંતાજનક બાબત છે. જાહેર હિતને બદલે જાહેરાતોમાં રચતા આરોગ્ય વિભાગ નવજાત બાળકો-ગર્ભવતી મહિલાઓ યોગ્ય અને પુરતી સુવિધા આપવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડ્યું છે. ભાજપના રાજમાં સતત વધી રહેલા ઓછા વજનવાળા બાળકો, સગર્ભા સ્ત્રીઓ એનિમિયા હંગર ઈન્ડેક્ષ ના વધતા જતા આંક ચિંતાનો વિષય છે. સરકાર જાહેર આરોગ્ય સેવા પાછળ નજીવો ખર્ચ અને જાહેરાતો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. બાળકો અને સગર્ભા સ્ત્રીઓના પોષણના કરોડો રૂપિયા ખાઈ કોણ પોષિત થઇ ગયું ? ગુજરાત જાણવા માંગે છે.

ભૂખ સામે લડવા અને બાળકોમાં પોષણ આપવાના નામે કરોડો રૂપિયા ખર્ચ્યાના દાવા કરતી ભાજપ સરકાર જણાવે કે ગુજરાતમાં કુપોષણ અને ભુખમરા સૂચકાંક માં ગુજરાતનું સ્થાન કેમ કથળતું જાય છે? નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર ૨૦૨૩-૨૪ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ (જીહ્રુ) રિપોર્ટ અનુસાર હંગર ઈન્ડેક્ષ (ભૂખમરા સૂચકાંક)માં પર ગુજરાત ૨૫માં ક્રમે છે. નીતિ આયોગના રીપોર્ટ અનુસાર પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૩૯ ટકા બાળકોની અપૂરતી વૃદ્ધિ છે. વર્ષ ૧૫-૪૯ વર્ષની ૬૨.૫ ટકા સગર્ભા સ્ત્રીઓ એનિમિયા ગ્રસ્ત છે જે ખુબ ગંભીર બાબત છે. સમાન વય જૂથની ૨૫.૨ ટકા સ્ત્રીઓનો બોડી માસ ઈન્ડેક્સ(૧૮.૫)થી નીચે છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ની તુલનામાં ઓછા વજનવાળા અને અપૂરતી વૃદ્ધિવાળા બાળકો અને એનિમિયા ધરાવતી સ્ત્રીઓનો વ્યાપ વધ્યો છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૦૧૫માં સ્થાપિત ૧૭ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલમાંથી એક છે. સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ૨ નો હેતુ ઝીરો હંગર ઈન્ડેક્ષ હાંસલ કરવાનો છે. પરતું ભાજપ સરકારના રાજમાં ગુજરાત સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ૨ ઈન્ડેક્સમાં માત્ર ૪૧ પોઈન્ટ મેળવ્યા છે. ભૂખમરા સામેની લડાઈમાં ગુજરાત એ ઓડિશા, મધ્યપ્રદેશ સહીત અન્ય ૨૩ રાજયો કરતા પાછળ છે. સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ૨ પ્રદર્શનમાં ગુજરાતની સ્થિતિ સતત કથળી રહી છે. જીહ્રુ-૨ ઈન્ડેક્સના વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત માટે ૪૬ અને વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૧ હતો. વર્ષ ૨૦૧૮માં ૪૯ હતો જે વર્ષ ૨૦૨૩-૨૪માં ઘટીને ૪૧ થઇ ગયો છે.સિવિયર એક્યુટ માલન્યુટ્રીશન' (જીછસ)ને લીધે વર્ષ ૨૦૨૦-૨૧માં ૯૬૦૬, વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૩૦૪૮ અને વર્ષ ૨૦૨૦- ૨૩માં ૧૮૯૭૮ બાળકો ન્યુટ્રીશન રિહેબિલિટેશન સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં સરેરાશ ૧૨ લાખ બાળકોના જન્મ સમયે ૩૦ હજારથી બાળકોના મોત થાય છે. આજે પણ વર્ષે ૩૦ હજાર બાળકોના મોત થાય છે આ વાસ્તવિકતા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૭,૧૫,૫૧૫ બાળકો કુપોષિત છે.

# જેતપુર કોંગ્રેસ દ્વારા ભાજપના નગરપાલિકાના ભ્રષ્ટાચાર નો પર્દાફાશ



જેતપુર નગરપાલિકામાં ભાજપના ગેરવહીવટના સળગતા આ નીચે મુજબના નમૂના છે.

(૧) વોટરવર્કસ શાખામાં તા. ૨૦/૦૬/૨૦ થી૧૦/૦૫/૨૨ સુધી ૬ કરોડ અને ૨૧ લાખની ગેરનીતિ થયેલ છે.

(૨) કૂતરા રસીકરણ અને બંધીકરણ માટે રૂપિયા ૫૫ લાખ, તેર હજારના ખોટા બિલ રજૂ થયા છે.

(૩) ગટર રીપેરીંગ માટે વાર્ષિક ૦૧/૦૧/૨૦ થી ૧૦/૦૫/૨૨ સુધીમાં રૂપિયા ૮ કરોડ અને ૯૩ લાખનો ગેરવહીવટ થયો છે.

(૪) જેતપુરથી ભાદર સુધીની જૂની પાઈપલાઈન કાઢ્વામાં આવી તેમાંથી ૧૫૭૮ પાઈપ વેચી મારી છે.

(૫) જેતપુર સ્મશાન તથા સાર્વજનિક બગીચાની સફાઇ અને દેખરેખ માટે માસિક રૂપિયા ૭ લાખ અને નેવું હજાર ફાળવેલ છે. પણ આ માટે કામદારો પણ મૂકાયા નથી અને રૂપિયા હજમ થાય છે.

(૬) જેતપુર શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં જે સી.સી. રોડ બનાવામાં આવેલ હતા જે બે થી છ મહિનાની અંદર ચાલવ લાયક રહયા નથી. વિકાસના નામે ભયંકર ભ્રષ્ટાચાર.

જેતપુર આવનારી નગરપાલિકાની ચૂંટણીમાં આવો સૌ સાથે મળીને ભ્રષ્ટાચાર મુક્ત નગરપાલિકા બનાવીએ તેવી પત્રિકાઓ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ભ્રષ્ટાચારની કેન્દ્રથી પંચાયત સુધીની અમુક માહિતી સાથે જેતપુરમાં ફરતી થઈ છે. મોરબી કાંડ, હરણી બોટકાંડ, સુરત અગ્નિકાંડ અને રાજકોટનો ગેમ ઝોનકાંડ ભાજપના ભ્રષ્ટાચાર ખુલ્લા થયા છે. જેતપુરમાં નકલી પનીર બનાવવાની ફેક્ટરી પકડાઈ તેમાં પણ ભાજપના સત્તાધારી પક્ષના આશીર્વાદથી બધું ભીનું સંકેલાઈ ગયું આવા આક્ષેપો પણ કરવામાં આવ્યા છે તે સાથે તમામ ભ્રષ્ટાચારોનું લિસ્ટ પણ એક ખુલ્લો મુકવામાં આવ્યું છે.

# જે.એમ.ચૌધરી સાર્વજનિક વિદ્યાલયનું ગૌરવ

જિલ્લા કક્ષાની બેડમિન્ટન અંડર – ૧૯ની રમત સ્પર્ધાનું આયોજન તા. ૦૫મી ઓગસ્ટના રોજ જીમખાના સેક્ટર ૨૧ ખાતે યોજાઈ હતી. જેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ઘોરણ- ૧૨માં અભ્યાસ કરતી ચાવડા ત્રિશા. કે. પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. તેમજ ઘોરણ- ૧૨ની ચૌધરી ધ્રુવી મહેશભાઈએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો છે વિજેતા બંને વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્યા શ્રી ઉર્મિલાબેન ચૌધરી તથા શિક્ષિકા શ્રી ચૌધરી લીલાબેન તથા દેસાઈ હેતલબેન અને સમગ્ર શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા છે. વિજેતા વિદ્યાર્થીનીઓ રાજ્યકક્ષાએ ભાગ લેશે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - ગુજરાત
ABRSM
ખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહા

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રેરિત HTAT મુખ્ય શિક્ષક શૈક્ષિક મહાસંઘ આયોજિત મુખ્ય શિક્ષકોના બદલીના નિયમો શૈક્ષિક મહાસંઘની માંગ મુજબ બનતા અને ૧૨ વર્ષથી બદલીના નિયમોની રાહ જોતા HTAT મુખ્ય શિક્ષકોની માંગણી પૂર્ણ થતાં ૫ મી ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી અભિવાદન કાર્યક્રમ ગાંધીનગરના ડભોડા ખાતે યોજાયો હતો.જે કાર્યક્રમમાં દાહોદ જિલ્લામાંથી મુખ્ય શિક્ષક શૈક્ષિક મહાસંઘ દ્વારા જિલ્લામાંથી મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાવવા મુખ્ય શિક્ષકોને આહવાન કરવામાં આવ્યું હતું.જેના ભાગરૂપે જિલ્લામાંથી ૧૩૫ જેટલા મુખ્ય શિક્ષકો સહિત સંગઠનના હોદ્દેદારો આ અભિવાદન કાર્યક્રમમાં જોડાયા હતા.મુખ્ય શિક્ષકોનો અતિ મહત્વનો પ્રશ્ન બદલીના નિયમો જાહેર થયા અને આગામી સમયમાં બદલી કેમ્પો ઝડપથી યોજાવાની પ્રબળ માંગને મજબુત બનાવવા માટે દાહોદ જિલ્લામાંથી મોટી સંખ્યામાં મુખ્ય શિક્ષકો સહિત સંગઠનના હોદ્દેદારો જોડાયા હતા.

# ધંધુકા માં ઈનામ વિતરણ તથા સ્નેહ સંમેલન યોજાયું

શ્રી ઔદિચ્ય બ્રહ્મ સમાજ, ધંધુકા
ૐ
ૐ
આપનું હા ગત કરે છે

ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ ધંધુકા દ્વારા દર વર્ષે ની માફક ચાલુ વર્ષે પણ સમાજના સાથ અને સહકારથી ઈનામ વિતરણ તથા સ્નેહ સંમેલન યોજવામાં આવેલ હતું આ કાર્યક્રમ માં આમંત્રણ ને માન આપી પ્રમુખ સ્થાને ભરતભાઈ રાવલ અધ્યક્ષા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષા તથા અતિથિ વિશેષ તરીકે સતિષભાઈ પંડ્યા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી તેમજ ઈનામ વિતરક દેવાંગભાઈ પંડ્યા ધોલેરા સમાજના સક્રિય કાર્યકર વિગેરે ની ઉપસ્થિતિ માં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓ વાલિઓ ભાયો તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ સમાજના પ્રમુખ શૈલેષભાઈ રાવલ તથા કારોબારી સમિતી ના સાથ અને સહકાર થી સંપન્ન થયેલ હતો કાર્યક્રમ ના અંતિમ ચરણમાં સૈ ભુદેવો એ સમુહમાં ભોજન નો સ્વાદ માણેલ આ પ્રસંગે હર હર મહાદેવ ના નાદથી ગુંજી ઉઠ્યું હતું

# મોરબી હાર્ડવેરના વહેપારીએ તેની પત્ની,પુત્ર સાથે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી,સ્યુસાઇડ નોટ મળી

મોરબીમાં વસંત પ્લોટ માં આવેલા એક એપાર્ટમેન્ટમાં હાર્ડવેરના વ્યવસાય સાથે સંકળાયેલા પોતાની પત્ની અને પુત્ર સાથે ઘરે અંગત કારણોસર ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવાનો બનાવ બન્યો છે. સુસાઈડ નોટ પણ મળી આવી છે જેના આધારે પોલીસ તપાસનો દોર ચલાવી રહી છે. સમગ્ર મોરબીમાં અત્યારે આ બનાવ થી સંસનાટી મચી ગઈ છે. લોકોમાં એક કુતુહલ છે તે કેવા સંજોગોની અંદર આખા પરિવારે આત્મહત્યા કરવાનો વારો આવ્યો. સમાજ માટે દર્દભરી કલંકિત ઘટના કહી શકાય. એસ.પી રાહુલ ત્રિપાઠી તેમજ પીઆઈ એચઆઈ જાડેજા ઘટના સ્થળે પહોંચીને આંખો મામલો સંભાળીને પોસ્ટ મોર્ટમ માટે ત્રણેય લાશને મોકલી આપી છે. જીવન થી કંટાળી જઈને કોઈને દોષ આપવો નથી અને કોઈએ રડવું નથી એવું ઉલ્લેખ સંભળાય છે હવે સુસાઈડ નોટ ની નોંધ ના આધારે વધુ તપાસ થઈ બધું બહાર આવશે જેની આતુરતાથી સ્થાનિક લોકો રાહ જોઈ રહ્યા છે. મૃતક હરેશભાઈ દેવચંદભાઈ કાનાબાર, પત્ની ઉષાબેન હરેશભાઈ અને પુત્ર હર્ષ હરેશભાઈ કાનાબાર ની લાશ ને હાલમાં પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવી છે..

ગાંધીનગરના પેથાપુરના શેઠ મ.ભ. મેમો. ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક વિભાગેં - ૧૪ વયજુથમાં અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગેં -૧૯ ભાઈઓની હેન્ડબોલની ટીમ જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાને આવેલ છે. આ બંને ટીમમાંથી ૮ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ રમવા માટે પસંદગી પામેલ છે.આ વિદ્યાર્થીઓએ શાળાનું અને પેથાપુર ગામનું નામ રોશન કરેલ છે.આ પ્રસંગે વિજેતા ટીમના તમામ વિદ્યાર્થીઓને અને વ્યાયામના કોચને શાળાના ટ્રસ્ટી મંડળે , શાળાના આચાર્યશ્રી પિયુષભાઈ પટેલે ,પ્રાથમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના ૐ.. હ. શ્રીઓએ તથા તમામ શાળા પરિવારે શુભકામનાઓ પાઠવી હતી.

# Prevoyance'24: ECO, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, નિરમા યુનિવર્સિટીએ રાષ્ટ્રીય કક્ષાનો ટેકનિકલ ફેસ્ટનું આયોજન કર્યું

ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નિરમા યુનિવર્સિટીના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશન એ ૩જી અને ૪થી ઑગસ્ટ ૨૦૨૪ના રોજ નેશનલ લેવલ ટેકનિકલ ફેસ્ટ, 'પ્રીવોયન્સ'નું આયોજન કર્યું હતું. ભારતભરની ૩૦ કૉલેજમાંથી ૭૦૦ થી વધુ સહભાગીઓ સાથે ઁાિર્દ્રઅક્રહષ્ઠી'૨૪ એક જબરદસ્ત સફળતા સાબિત થઈ.આ ફેસ્ટમાં રોબો સુમો, આરસી સોકર, લાઇન ફોલોઅર, કોડ વેલોસિટી, ક્વિઝ ઓડિસી, એસ્કેપ રૂમ અને ડ્રોન વર્કશોપ સહિતની આકર્ષક તકનીકી અને અર્ધ-તકનીકી ઈવેન્ટ્સની શ્રેણી દર્શાવવામાં આવી હતી. વિજેતાઓ અને સહભાગીઓને આપવામાં આવેલ કુલ ઈનામની રકમ પ્રભાવશાળી ?૭૫,૦૦૦ હતી.આ ફેસ્ટની શરૂઆત મુખ્ય મહેમાન શ્રી ભરત ગોયલ, પેટન્ટ્સ અને ડિઝાઈન્સના આસિસ્ટન્ટ કંટ્રોલર અને નિરમા યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા ઉદઘાટન સમારોહ સાથે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્કૂલ ઓફ ટેક્નોલોજીના ડાયરેક્ટર ડૉ. હિમાંશુ સોની, સ્કૂલ ઑફ એન્જિનિયરિંગના ડિરેક્ટર ડૉ. રાજેશ એન પટેલ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ વિભાગના વડા પ્રો. ઉષા મહેતા સાથે ફેકલ્ટી સભ્યો સહિત આદરણીય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વાંદરા પર પાંત્રીસ લાખ રૂપિયાની ખાંડ ખાઇ ગયાનો આરોપ મુકાયો!

'અલ્યા, વનેચરો શું ધોંઘાટ કરો છો? આખો દિવસ મટરગસ્તી કરો છો. બપોરે જપ કરતા નથી. ઝાડની ડાળીએ પૂંછડું ભરાવી ઉંધા લટકતાં હવાની લહેરોમાં માંડ આંખ મીંચી ઉંઘતા હોઈએ ત્યાં હૂપાહૂપ કરીને ઉંઘની પથારી ફેવરો છો. 'વૃધ્ધ વાંદરાએ ટણકટોળી કિશોર વાંદરાઓને ધમકાવતાં પૂછયું.

'દાદુ, અમારી પાસે ડફોળ કે સ્માર્ટ ફોન નથી.વ્હેલ, પબજી, કેન્ડી ક્રશ કે એવી ઓનલાઇન ગેમ નથી. અમે અમારો ટાઈમ હૂપાહૂપ કરીને પસાર ન કરીએ તો ભાંગડા કરીએ?' એક હાઈપર એકટિવ વાનરબાળે બોરિયત લહેજામાં ફરિયાદ કરી. '

ઠીક છે ઠીક છે.' વૃધ્ધ વાનર કંટાળેલા અવાજે બોલ્યો.થોડીવાર શાંતિ રહી.વૃધ્ધ વાનરે પૂછયું, ' વનેચરો શું મચકાવો છો?'

' નથીંગ ઈટિંગ .' ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના કંપાઉન્ડ પર રહેતા તરૂણ વાનરબાળે ખુલાસો કર્યો.

' તો પછી મોઢા કેમ હલાવો છો? ક્યાંક ખેની કે તમાકુના રવાડે ચડી ગયા છો?' વૃધ્ધ વાંદરો બગડ્યો.

' નો દદુ, અમે તો શું ચાવીએ? પીપર, વડ, લીમડાના પાંદડા- ડાળા ભચડતા હોઈએ. અમારી પાસે કયાં ઝોમેટો કે સ્વીગીની એપ છે કે પાસ્તા, પિત્ઝા, બર્ગરનો ઓનલાઇન ઓર્ડર આપીએ?આપણે ઝાડનું લોકેશન શેર કરીએ તો પણ ડિલિવરીબોય અડધા કલાકમાં ડિલિવરી ન આપે એટલે પિત્ઝા. પાસ્તા, બર્ગર ફ્રીમાં મળવાના છે ને?' ટેકનોસેવી યંગ મન્કીએ ડાયનોસોર જેવો નિસાસો નાંખ્યો.

' તમે મોઢા ખોલો, મારે જોવું છે કે તમે શું ઝાપટયું છે?' ડોહાએ જીદ પકડી. કાનાએ માટી ખાધી એવો મા યશોદાને વહેમ પડતાં જસોદામાએ કાનજીનું મોં ખોલાવેલ. કાનજીએ મોં ખોલીને માટીને બદલે બ્રહ્માંડના મા જશોદાને ઓનલાઇન ફ્રી દર્શન કરાવેલ. રાજા દુષ્યંતના બાળ પુત્ર ભરતે સિંહને મો ખોલવા કહી સિંહના દાંતની દાંતગણતરી કરેલ.

' અલ્યા, તમારા મોઢામાં સફેદ ચીજ દેખાય છે.' વૃધ્ધ વાંદરાએ વાનરબાળના મોઢા ખોલાવીને જોયા પછી કહ્યું.

' દદુ, અમારા પર ભરોસો રાખો. અમે વડના વાંદરા છીએ પણ માણસો જેવા ખટપટિયા, કૌભાંડી કે બેઈમાન માનવ નથી. જે ભ્રષ્ટાચારમાં ગળાડૂબ હોય છે. એ લોકો ન ખાવાની વસ્તુ પણ ઓહિયા કરી જાય છે.

' બાળ વાનરે પડી ગયેલા અવાજે કહ્યું ' અમે ખાંડ નથી ખાધી?' એક ફટુસ વાનરબાળે કોઈ પૂછપરછ વિના વટાણા નહીં પણ ખાંડના દાણા વેરી નાંખ્યા.

' અરે, બકા મેં કયાં પૂછયું છે કે તે તમે લોકોએ ખાંડ ખાધી છે ? તે પહેલાં વગર પૂછયે તમે ખાંડ ખાધી નથી એમ કહી દીધું. એટલે તમે શંકાના દાયરામાં આવી ગયા.' વૃધ્ધ વાનરે આરોપનામું ઈસ્યુ કરીને કહ્યું.

' અમે ,ખાંડ ખાધી એ વાત છાપામાં આવી ગઈ છે?' એક વાનર બાળ ગભરાયો.

' અરે, એવી કોઈ વાત નથી. તમે સિંહને લાફો મારો તો એ સમાચાર છાપામાં આવે!ખાંડ ખાવાના સમાચાર છાપામાં ન આવે .' વૃધ્ધ વાનરે ખુલાસો કર્યો.

' દાદુ માણસ જાત પર કેટલો ભરોસો કરી શકાય?' એક વાનર બાળે કુતૂહલ વ્યક્ત કર્યું. ' ભઈલું, આ માણસો આપણા ઉપરથી ઉતરી આવ્યા છે. પોતાને હોંશિયાર અને આપણને ડફોળ માને છે.માણસ જાત બહુ કમજાત અને નકામી છે.. બે બિલાડીની વાર્તામાં આપણા ભાઈને લોભી , લાલચી અને ધૂર્ત ચીતર્યો છે. આપણા નાતિલાએ બિલાડી પાસે રહેલ રોટલાની સમાન વહેંચણી કરવાની જવાબદારી સેવાભાવથી લીધી હતી. રોટલો વહેંચતા કમિશન રૂપે આખો રોટલો ખાઈ ગયાનો આરોપ મુકયો. આપણા નાતભાઈનો એવો ઈરાદો હોય તો રોટલો છીનવીને ઝાડ પર ચડી જાય તો બિલાડી શું કરી શકે? વૃધ્ધ વાનરે વાર્તા મારફત બાળવાનરને શિક્ષણ આપ્યું.

'હઅમ્ દાદુ.' બાળવાનરે ટાપશી પૂરી.

બીજી વાર્તામાં આપણને કમઅક્કલ દેખાડ્યા છે. રાજાની વિશ્વાસુ તરીકે આપણા નાતભાઈ રાજાની રક્ષા કરી રહ્યા હતા. રાજાના શરીર પર માખી બેઠી. આપણા નાતીલાએ હાથથી ઉડાડી. હઠીલી માખી ન ઉડી. આવા સંજોગોમાં ગુસ્સો આવે કે નહીં? માખીને તલવારપાઠ આપવા તલવાર ઉગામીને રાજાના શરીર પર ઝીંકી. હરામી માખી ઉડી ગઈ. માખી ઉડી ન હોત તો રાજા બચી જાત. પણ માખીને લીધે રાજા મરી ગયો. આપણા નાતીલાએ (રાજાના)પ્રાણના ભોગે પોતાની ફરજ બજાવી છતાં તેને ઈનામ આપવાને બદલે તેની કતલ કરાઈ. આ ક્યાંનો ન્યાય?' વૃધ્ધ વાનરે માનવવેડાની વાત કહી.

' હેં માણસો આવા હોય?' બાળ વાનરોએ આઘાત વ્યક્ત કર્યો.

' બિહાર નામના પ્રદેશના પોલીસ ખાણાંમાં ત્રણ કરોડ રૂપિયાનો દારૂ મુદ્દામાલ પેટે મુદ્દામાલ રૂમમાં હતો. પોલીસ સ્ટાફ ટુકડે ટુકડે બધો દારૂ ગટગટાવી ગયો. કોર્ટની સુનાવણીમાં દોષનો ટોપલો ઉંદર પર ઓઢાડી દીધો. માંકડને મોઢું આવે કે ન આવે. પરંતુ, ઉંદરડાને કોર્ટમાં પિયકકડ સાબિત કરી નાંખ્યા.' વૃધ્ધ વાનરે માણસોની કુટિલતા દર્શાવી.

' દદુ, અમે અલીગઢની સાથા સ્યુગર મિલના કંમ્પાઉન્ડમા ઊગેલ ઝાડની ડાળીએ લટકતા હતા. મિલ ઘણા લાંબા સમયથી બંધ પડી છે. ત્યાં વણવેચાયેલ ખાંડના જથ્થામાં ગોલમાલ જણાઈ. ત્યાં મોટી બબાલ થઈ ગઈ. ત્યાં ઓડિટમાં પાંત્રીસ લાખ રૂપિયાની ૧,૧૩,૭૦૦ કિલો ખાંડની ઘટ જણાઈ. ઓડિટના જવાબમાં અધિકારીઓએ એવો આક્ષેપ મુકયો છે કે વાંદરા આટલી બધી ખાંડ ખાઇ ગયા છે. ખાખરાની ખિસકોલી ભલે સાકર ન ખાઇ શકે. પરંતું, વાંદરા ખાંડ ન ખાઇ શકે તેવું કયાં કોઇ કહેવતમાં કહું છે? ઓડિટરોની કાનાફૂસી મુજબ સ્યુગર મિલના નમકહરામ સ્ટાફે ખાંડ સગેવગે કરેલ. પરંતુ,સ્ટાફે નબળો માટી બૈરી પર શૂરો ન્યાયે વાંદરા ખાંડ ખાઈ ગયા એવો આરોપ લગાવી દીધો. દાદુ, અમને લોકોને ખાંડ તો ખાંડનું સપનું પણ આવ્યું નથી ને ખાંડ ખાવાનો જથ્થાબંધ આરોપ આવ્યો. અમે નિર્દોષ છીએ છતાં સૂકા પતાની માફક ભયથી ફફડી ગયા છીએ.

' બાળ વાનરે ઓડિટ પારાનો લાંબોલચક ખુલાસો વગર માંગ્યો આપી દીધો.

' તમે , ખરેખર ખાંડ ખાધી નથીને?' વૃધ્ધ વાનરે સશંક પૂંછયુ.

' ના દાદુ, તમારા સમ!' બાળ વાનરોએ સોંગદ ખાધા. કહેતા ભી દિવાના. સુનતા ભી દિવાના. પાંત્રીસ લાખ રૂપિયાની ની ખાંડ કોઈ મોરલો કળા કરીને સગેવગે કરી ગયો. ખાંડ ખાવાનો આરોપ વાંદરા પર લગાવ્યો .વાંદરાની છાનબીન થઈ. પરંતુ કશું વાંધાજનક ન નીકળ્યું!કયારેક છીંડે ચડેલ ચોર નહીં પણ શાહુકાર હોઈ શકે છે.વૃધ્ધ વાનર મૂંછે તાવ દેતા ખોંખારો ખાઈને માણસોને ચેલેન્જ કરે છે કે જો અમે ખાંડ ખાધી હોય તો અમારો બ્લડ અને યુરીનનો ટેસ્ટ કરાવો. પછી દૂધનું દૂધ અને ખાંડનું ખાંડ થઈ રહેશે! કહે છે કે માણસોએ વાંદરાની ચેલેન્જ ઉઠાવી નથી!

ભરત વૈષ્ણવ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.